Extra No. 54

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] FRIDAY, FEBRUARY 20, 2026 / PHALGUNA 1, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ)

File No: KHD/MAG/e-file/450/2026/0608/MAG BRANCH તા.૧૪/૦૨/૨૦૨૬ થી તા.૧૫/૦૨/૨૦૨૬ દરમ્યાન ખેડા વડવાળી શેરી ખાતે આવેલ શ્રી મેલડી માતા મંદિર ખાતે ૪૧માં પાટોત્સવની ઉજવણી થનાર છે. સદર મંદિર ખેડા થી મહેમદાવાદ રોડ ઉપર શ્રી એચ. એન્ડ ડી. પારેખ હાઈસ્કુલ સામે આવેલ છે, સદર માર્ગ ઉપર મોટી સંખ્યામાં લોકો એકત્ર થતા હોય છે તેમજ સામાન્ય રીતે મેળાનું આયોજન કરવામાં આવતુ હોય છે. વધુમાં ધાર્મિક શોભાયાત્રા અને જુદા જુદા સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાનાર હોય, ઉકત માર્ગો ઉપર વાહન વ્યવહાર ચાલુ રહે તો અકસ્માત. અને જાનહાની થવાની સંભાવના રહેલ છે. સબબ તા. ૧૪/૦૨/૨૦૨૬ થી તા.૧૫/૦૨/૨૦૨૬ દરમ્યાન નીચે પોઈન્ટ-A માં જણાવ્યા મુજબના માર્ગો પર વાહનોના અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B માં જણાવ્યા મુજબના માર્ગો ઉપરથી વાહન વ્યવહાર ચાલુ રાખવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીયાદનાઓએ તેઓશ્રીના તા.૦૯/૦૨/૨૦૨૬ ના પત્ર ક્રમાંક:એલઆઈબી/એચએ/જાહેરનામું/૧૬૪/૨૦૨૬ થી અત્રે દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ તા.૧૪/૦૨/૨૦૨૬ થી તા.૧૫/૦૨/૨૦૨૬ દરમ્યાન નીચે પોઈન્ટ-A માં જણાવ્યા મુજબના માર્ગો ઉપર વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકવાના જાહેર માર્ગો:-

1) ખેડા ચોકડી થી બસ સ્ટેન્ડ ચાર રસ્તા, શ્રી એચ. એન્ડ ડી. પારેખ હાઈસ્કુલ, મહેમદાવાદ રોડ થઈ વિઠ્ઠલપુરા ગામ થઈ મહેમદાવાદ તરફ જતો તમામ વાહન વ્યવહાર.

2) વિઠ્ઠલપુરા પાટીયા-ત્રણ રસ્તા થી શ્રી એચ. એન્ડ ડી. પારેખ હાઈસ્કુલ થઈ ખેડા શહેર તરફ જતો તમામ વાહન વ્યવહાર.

(B) ઉપરોકત જણાવ્યા મુજબના જાહેર માર્ગો બંધ કરતા તમામ વાહન વ્યવહાર ચાલુ રાખવા માટેના વૈકલ્પિક રૂટ:-

1) ખેડા ચોકડી થી બસ સ્ટેન્ડ ચાર રસ્તા, શ્રી એચ. એન્ડ ડી. પારેખ હાઈસ્કુલ, મહેમદાવાદ રોડ થઈ વિઠ્ઠલપુરા ગામ થઈ મહેમદાવાદ તરફ જતો તમામ વાહન વ્યવહાર.

- ખેડા ચોકડી થી રતનપુર, રઘવાણજ ચોકડી, જુના ને. હા. નં.૮, ડભાણ ચોકડી, કમળા ચોકડી થઈ મહેમદાવાદ તરફ જઈ શકશે.

2) વિઠ્ઠલપુરા પાટીયા-ત્રણ રસ્તા થી શ્રી એચ. એન્ડ ડી. પારેખ હાઈસ્કુલ થઈ ખેડા શહેર તરફ જતો તમામ વાહન વ્યવહાર.

- મહેમદાવાદ રેલ્વે ઓવરબ્રિજ / ખાત્રજ ચોકડી -મહમદાવાદ થી નડીયાદ તરફ કમળા ચાકડી થી જમણીબાજુ વળી, ડભાણ ચોકડી, રઘવાણજ ચોકડી થી રતનપુર થઈ ખેડા શહેર તરફ જઈ શકાશે.

નોંધ:- ખેડા કેમ્પ ખાતે પોલીસ ભરતી ચાલી રહેલ હોવાથી ખેડા થી ખેડા કેમ્પ, વિઠ્ઠલપુરા પાટીયા થઈ મહેમદાવાદ તરફ જતા-આવતા વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ અંગેનુ જાહેરનામુ અમલમાં છે.

શિક્ષા:- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉકત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે કરવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ વિભાગ સાથે સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડના ડાર્યવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મુકવાના રહેશે.

ખેડા-નડીયાદ, તા.૧૦મી ફેબ્રુઆરી, ૨૦૨૬

જે.બી.દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.04.01 17:23:16 IST